# CWG : જુડોમાં બે ગોલ્ડ સાથે ભારતે રચ્યો ઈતિહાસ, છ બોક્સર ફાઈનલમાં

કોમનવેલ્થ ગેમ્સમાં આજે શુક્રવારનો દિવસ ભારત માટે ઘણો ફળદાયી રહ્યો હતો, એક તરફ જુડોમાં અસ્મિતા ડે અને હર્ષ સિંહે ઇતિહાસ રચીને ગોલ્ડ મેડલ જીત્યો હતો, તો બીજી તરફ અરુંધતી ચૌધરી, જાસ્મીન લેમ્બોરિયા, પ્રીતિ પવાર, અંકુશ પંઘાલ અને જદુમણી સિંહ એમ ભારતના પાંચ બોક્સરે ફાઇનલમાં એન્ટ્રી કરીને કોમનવેલ્થ ગેમ્સ બોક્સિંગ સ્પર્ધામાં ભારતનું વર્ચસ્વ સુનિશ્ચિત કરી ઓછામાં ઓછો સિલ્વર મેડલ તો પાકો કરી લીધો જ છે. આ સિવાય ભારતનો સ્ટાર એથ્લીટ, તેજસ્વિન શંકર, જે ડેકાથલોન ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ માટે સ્પર્ધા કરી રહ્યો છે, તેણે છઠ્ઠી ઇવેન્ટ 110 મીટર હર્ડલ્સમાં પોતાની હીટ્સમાં શાનદાર પ્રદર્શન કરી 14.41 સેકન્ડનો સમય લઈને બીજા સ્થાને રહી પોતાની લીડ અને મેડલની આશા જાળવી રાખી. જુડોમાં આજે શુક્રવારે મહિલાઓની 48 કિગ્રા ફાઇનલમાં, ત્રિપુરાની 23 વર્ષીય અસ્મિતા ડેએ કેનેડાની હેઈડી ક્વાચને ગોલ્ડન સ્કોરમાં 2-1થી હરાવીને ભારતને જુડોમાં પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો. આના થોડા સમય પછી, પુરુષોની 60 કિગ્રા ફાઇનલમાં, 23 વર્ષીય હર્ષ સિંહે ઓસ્ટ્રેલિયાના જોશુઆ કાત્ઝને 10-0થી હરાવીને દેશને બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો. બોક્સિંગમાં અરુંધતી ચૌધરીએ ૭૦ કિગ્રા વર્ગમાં વેલ્સની ડિફેન્ડિંગ ચેમ્પિયન રોઝી એક્લેસને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

## CWG જુડોમાં અસ્મિતા અને હર્ષે ગોલ્ડ, યામીનીએ સિલ્વર જીત્યો

**કેનેડાની** હાઇડી સામે નબળી શરૂઆત પછી અસ્મિતાએ શાનદાર વાપસી કરીને સડન ડેથમાં યુકો સ્કોર કરી મેચ જીતી

**હર્ષે** ઓસ્ટ્રેલિયાના ખુબ જ અનુભવી અને પ્રબળ દાવેદાર જોશુઆ કેટ્ઝને હરાવી ગોલ્ડ જીતનારો પ્રથમ ભારતીય પુરુષ બન્યો





ગ્લાસગો, તા. 31 : કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં ભારતીય જુડો ખેલાડીઓએ એક જ દિવસે બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીતીને નવો ઈતિહાસ રચી દીધો છે. ઓકલેન્ડમાં 1990ની કોમનવેલ્થ ગેમ્સમાં જુડોનો સમાવેશ થયો ત્યારથી ભારતે મેડલ તો જીત્યા છે, પરંતુ ક્યારેય ગોલ્ડ મેડલ મળ્યો નહોતો. અસ્મિતા ડે અને હર્ષ સિંહે આ દુષ્કાળનો અંત આણ્યો છે, જો કે યામિની મૌર્ય ફાઇનલમાં હારતા ભારત ગોલ્ડન હેટ્રિકની તક ચૂક્યું હતું.

મહિલા 48 કિગ્રાની કેટેગરીમાં અસ્મિતા ડેએ ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ત્રિપુરાની ૨૩ વર્ષીય અસ્મિતા ડે કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતની પ્રથમ જુડોકા બની છે. ફાઇનલમાં કેનેડાની હાઇડી ક્વાચ સામે અસ્મિતાની શરૂઆત નબળી રહી હતી. શરૂઆતમાં 'યુકો' પોઇન્ટ ગુમાવ્યા અને પેનલ્ટી મળ્યા બાદ તે દબાણમાં આવી ગઈ હતી. જો કે ચાર મિનિટની મેચની મધ્યમાં અસ્મિતાએ શાનદાર વાપસી કરીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. નિર્ધારિત સમયમાં કોઈ નિર્ણય ન આવતાં મેચ 'ગોલ્ડન સ્કોર' (સડન ડેથ) પીરિયડમાં ગઈ હતી. જબરદસ્ત દબાણ વચ્ચે અસ્મિતાએ નિર્ણાયક 'યુકો' સ્કોર કરીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

આ તરફ પુરુષોની 60 કિગ્રાની કેટેગરીમાં હર્ષ સિંહે ખુબ જ અનુભવી અને પ્રબળ દાવેદાર ઓસ્ટ્રેલિયન જોશુઆ કેટ્ઝને હરાવીને મોટો અપસેટ કરીને પોતાના ડેબ્યૂ કોમનવેલ્થ ગેમ્સમાં જ ગોલ્ડ મેડલ જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. તે આ રમતમાં ગોલ્ડ જીતનારો ભારતનો પ્રથમ પુરુષ જુડો ખેલાડી બન્યો છે. આ તરફ મોડેથી રમાયેલી મહિલાની 57 કિગ્રાની કેટેગરીની ફાઇનલમાં યામિની ઇંગ્લેન્ડની એસેલ્યા ટોપરાક સામે હારતા તેણે સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો.



## CWG બોક્સિંગ : જદુમણિ, અરુંધતી, જાસ્મિન, પ્રીતિ અને અંકુશ ફાઈનલમાં

**અરુંધતી** ચૌધરીએ 70 કિગ્રા કેટેગરીમાં વેલ્સની ડિફેન્ડિંગ ચેમ્પિયન રોઝી એક્લેસને હરાવીને મોટો અપસેટ સર્જ્યો

ગ્લાસગો, તા. 31 : કોમનવેલ્થ ગેમ્સ બોક્સિંગમાં ભારતની અરુંધતી ચૌધરીએ 70 કિગ્રા કેટેગરીમાં વેલ્સની ડિફેન્ડિંગ ચેમ્પિયન રોઝી એક્લેસને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો જ્યારે વિશ્વ ચેમ્પિયન જાસ્મીન લેમ્બોરિયા (57 કિગ્રા), પ્રીતિ પવાર (54 કિગ્રા), અંકુશ પંઘાલ (80 કિગ્રા) અને જદુમણી સિંહ (55 કિગ્રા) એ પણ પોતપોતાના મુકાબલા જીતીને ફાઇનલમાં પ્રવેશ કરતાં આ સ્પર્ધામાં ભારતનું વર્ચસ્વ સુનિશ્ચિત થયું હતું.

અરુંધતીએ રોઝી એક્લેસને સખત અને રોમાંચક મુકાબલામાં 4-0ના નિર્ણયથી હરાવી. ભારતીય બોક્સરે શરૂઆતના બે રાઉન્ડમાં પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન જાળવી રાખ્યું, જેના કારણે રોઝીને સ્ટેન્ડિંગ કાઉન્ટનો સામનો કરવો પડ્યો. જાસ્મીન લેસોથોની રાપેલાંગ માસેલેલા સામે RSC (રેફરી સ્ટોપેજ) દ્વારા સેમી ફાઇનલ જીતી ગઈ. જદુમણીએ સેમિફાઇનલમાં નામિબિયાના પી પી એમ હાઓસેબને સર્વસંમતિથી ૫-૦થી હરાવ્યો. તો પ્રીતિએ ઝામ્બિયાની કેથરિન મ્વાપેને 5-0થી હરાવી. બીજી તરફ, અંકુશે પણ 80 કિગ્રા વર્ગની સેમિફાઇનલમાં કેનેડાના જોશુઆ ઓફોરીને 5-0થી હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી.

### કોમનવેલ્થ ગેમ્સ 2026 મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 51 | 24 | 39 | 114 |
| 2 | ઈંગ્લેન્ડ | 15 | 30 | 21 | 66 |
| 3 | કેનેડા | 15` | 13 | 18 | 46 |
| 4 | સ્કોટલેન્ડ | 10 | 7 | 11 | 28 |
| 5 | નાઇજીરિયા | 8 | 5 | 3 | 16 |
| 6 | દક્ષિણ આફ્રિકા | 6 | 9 | 8 | 23 |
| 7 | મલેશિયા | 6 | 3 | 3 | 12 |
| 8 | ભારત | 5 | 10 | 4 | 19 |
| 9 | ન્યૂઝીલેન્ડ | 5 | 9 | 7 | 21 |
| 10 | જમૈકા | 4 | 2 | 2 | 8 |

## ઇન્ફેન્ટિનોના ફિફાના પ્રાઇવેટ ઇક્વિટી પ્લાન સામે વૈશ્વિક વિરોધ તીવ્ર બન્યો

**યુરોપીયન** ફૂટબોલ સંસ્થા UEFA દ્વારા ફિફા વર્લ્ડકપનો બહિષ્કાર કરવાની ધમકી

**એશિયન** ફૂટબોલ કોન્ફડરેશન અને ઉત્તર અમેરિકન ફૂટબોલ સંસ્થાનો પણ વિરોધનો સૂર

**તમામ** 211 સભ્યો દેશોના ફેડરેશનને યોજના સ્વિકારવા 19 સપ્ટેમ્બર સુધીની ડેડલાઇન

જેનિવા, તા. 31 : ફિફાના પ્રમુખ જિયાની ઈન્ફેન્ટિનો દ્વારા ફૂટબોલની સૌથી મોટી ટુર્નામેન્ટમાં પ્રાઇવેટ ઇક્વિટી ઇન્વેસ્ટર્સને હિસ્સેદારી વેચવાની યોજનાના વિરોધમાં, પોતાના 55 સભ્ય દેશોની એક તાકીદની ઓનલાઈન બેઠક બાદ યુરોપિયન ફૂટબોલ સંસ્થા યુઇએફએ (UEFA)એ જણાવ્યું હતું કે, UEFA અને તેના રાષ્ટ્રીય સંગઠનો ફિફાની સ્પર્ધાઓમાં ભાગ લેશે નહીં. ઉત્તર અમેરિકાની ફૂટબોલ સંસ્થાએ પણ ઇન્ફેન્ટિનોની આ યોજનાને ફગાવી દીધી હતી. તો એશિયન ફૂટબોલ તરફથી પણ ઈન્ફેન્ટિનોની આકરી ટીકા કરવામાં આવી છે.

એ ઉલ્લેખનીય છે કે ઇન્ફેન્ટિનોએ વર્લ્ડકપ અને ક્લબ વર્લ્ડકપ જેવી સ્પર્ધાઓ ચલાવવા માટે 20 બિલિયન ડોલરની એક નવી સબસિડિયરી કંપની બનાવવાની યોજના રજૂ કરી છે. આ પ્રોજેક્ટમાં ખાનગી રોકાણકારોને 20% હિસ્સેદારી આપવાનો પ્રસ્તાવ છે, જેમાં જારેડ કુશ્નરના ભાઈ જોશુઆ કુશ્નરની ઇન્વેસ્ટમેન્ટ ફર્મ 'થ્રાઇવ કેપિટલ' મુખ્ય રોકાણકાર તરીકે સામેલ છે. ઇન્ફેન્ટિનોએ ફિફાના તમામ 211 સભ્ય દેશોના ફૂટબોલ ફેડરેશનને એક પત્ર લખીને આ યોજનાનો સ્વીકાર કરવા માટે 19 સપ્ટેમ્બર સુધીની સમયસીમાઆપી છે. આ પ્રસ્તાવ સ્વીકારનાર દરેક ફેડરેશનને 20 મિલિયન ડોલર અર્થાત આશરે ₹રૂ. 165 કરોડ આપવાની ઓફર કરવામાં આવી છે. UEFAએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેટલીક બાબતો વેચવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ફિફા વર્લ્ડકપ ફૂટબોલનો છે અને હંમેશા રહેશે. જ્યાં સુધી યુરોપનો અવાજ છે, ત્યાં સુધી તે ક્યારેય વેચાણ માટે મુકાશે નહીં. તે પછી ગુરુવારે જ, 41 સભ્યો ધરાવતા ઉત્તર, મધ્ય અમેરિકા અને કેરેબિયન એસોસિએશન ફૂટબોલ કોન્ફેડરેશન (કોનકાકાફ)એ જાહેરાત કરી કે તેમણે ઈન્ફેન્ટિનોનો પ્લાન રદ કર્યો છે.

### ઇન્ફન્ટિનોની ખાનગી ઇક્વિટી યોજનાના વિરોધમાં FIFA સલાહકારનું રાજીનામું

ન્યૂ યોર્ક, તા. 31 : વર્લ્ડકપ માટે વ્હાઇટ હાઉસ ટાસ્ક ફોર્સમાં ફૂટબોલ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરનારા ફિફાના વરિષ્ઠ સલાહકાર કાર્લોસ કોર્ડેરોએ શુક્રવારે વર્લ્ડકપ ફૂટબોલ માટે ખાનગી ઇક્વિટી યોજનાના વિરોધમાં રાજીનામું આપ્યું હતું. ગોલ્ડમેન સેક્સના ભૂતપૂર્વ બેંકર કોર્ડેરોએ એક નિવેદન બહાર પાડીને ફિફા પ્રમુખ ગિયાની ઇન્ફેન્ટિનોના સલાહકાર પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે જ્યારે ફિફા વર્લ્ડકપમાં પોતાનો હિસ્સો વેચવાનું વિચારી રહી છે ત્યારે હું ચૂપ બેસી શકતો નથી. કોર્ડેરોએ ફિફાના અન્ય વરિષ્ઠ અધિકારીઓને પણ આ બાબતે ખુલ્લેઆમ પોતાના મંતવ્યો વ્યક્ત કરવા વિનંતી કરી. તાજેતરના વર્ષોમાં, કોર્ડેઇરો ઘણીવાર ઇન્ફન્ટિનો સાથે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા માટે વ્હાઇટ હાઉસ જતા હતા.

## બુમરાહે ફિટનેસ ટેસ્ટ પાસ કર્યો, શ્રીલંકા ટેસ્ટ સીરિઝમાં રમશે

**શ્રીલંકા** સામેની બે ટેસ્ટની સીરિઝ માટેની ટીમમાં બુમરાહને ફિટનેસ સાબિત કરવાની શરતે સામેલ કરાયો હતો



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ) : ઝડપી બોલર જસપ્રીત બુમરાહ તમામ ફિટનેસ ટેસ્ટ પાસ કરી ચૂક્યો છે અને તેને બેંગલુરુમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) દ્વારા આગામી મહિને શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની સીરિઝમાં રમવા માટે મંજૂરી આપવામાં આવી છે.

બુમરાહને તેની ફિટનેસના આધારે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ તેને ઈંગ્લેન્ડ સામેની વન ડે સીરિઝ દરમિયાન ઈજા થઈ હતી. ઈજાના કારણે તેને લોર્ડ્સ ખાતેની ત્રીજી વન ડે ગુમાવી હતી. બીસીસીઆઈના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે જસપ્રીત બુમરાહ તેની ઈજામાંથી સ્વસ્થ થઈ ગયો છે. તેણે તમામ ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધા છે. શ્રીલંકા સામેની બંને મેચ માટે તે ઉપલબ્ધ રહેશે તેવી અપેક્ષા છે. ભારત અને શ્રીલંકા વચ્ચે પહેલી ટેસ્ટ મેચ 15 ઓગસ્ટથી ગોલમાં શરૂ થશે જ્યારે બીજી મેચ 23 ઓગસ્ટથી કોલંબોમાં રમાશે.

## રોહિત શર્માનો નવો લુક વાયરલ, 10 વર્ષ નાનો દેખાતો થયો



માજી ભારતીય કેપ્ટન રોહિત શર્માનો એક નવો અને સંપૂર્ણપણે અલગ લુક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ભારતના માજી મુખ્ય કોચ રવિ શાસ્ત્રી લંડનની શેરીઓમાં રોહિતને મળ્યા હતા. રવિ શાસ્ત્રીએ ઇન્સ્ટાગ્રામ પર રોહિત સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો છે, જેમાં રોહિત સ્લિમ અને ફિટ દેખાઈ રહ્યો છે, તેણે પોતાની ભારે દાઢી ઉતારીને ટ્રીમ કરી નાંખી છે અને તેનો યુવાન અવતાર જોઈને, ચાહકોને લાગ્યું કે તે લગભગ 10 વર્ષ નાનો દેખાઇ રહ્યો છે. કેટલાક ચાહકો તો ત્યાં સુધી કહી દીધું હતું કે રોહિત શર્મા શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલ કરતા યુવાન દેખાય છે.

## લવપ્રીતે સ્નેચમાં રેકોર્ડ વજન ઉપાડી વેઈટલિફ્ટિંગમાં સિલ્વર મેડલ જીત્યો

**સ્નેચમાં** ગેમ્સ રેકોર્ડ તોડનાર લવપ્રીત કુલ વજનમાં માત્ર એક કિલોને કારણે ગોલ્ડ મેડલ ચૂક્યો



ગ્લાસગો, તા. 31 : ભારતીય વેઈટલિફ્ટર લવપ્રીત સિંહે ગુરુવારે અહીં પુરુષોની +110 કિગ્રા કેટેગરીમાં કોમનવેલ્થ ગેમ્સનો સ્નેચ રેકોર્ડ તોડ્યો, પરંતુ કુલ વજનમાં તે ગોલ્ડ મેડલ વિજેતાથી માત્ર એક કિલો પાછળ હોવાથી તેને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

ભારતના 28 વર્ષીય લવપ્રીતે કોમનવેલ્થ ગેમ્સનો રેકોર્ડ સ્નેચમાં 176 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 212 કિગ્રા વજન ઉપાડીને કુલ 388 કિગ્રા વજન ઉપાડ્યું. ન્યુઝીલેન્ડના ડેવિડ એન્ડ્રુ લિટીએ ક્લીન એન્ડ જર્કમાં 223 કિગ્રા વજન ઉપાડીને કુલ 389 કિગ્રા (166 કિગ્રા અને 223 કિગ્રા) વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીત્યો. ઈંગ્લેન્ડના એન્ડ્રુ ગ્રિફિથ્સે ૩૫૬ કિગ્રા (૧૬૫ કિગ્રા અને ૧૯૧ કિગ્રા) સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

ગત કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતનાર લવપ્રીતે આ વખતે સિલ્વર મેડલ જીતીને પોતાના પ્રદર્શનમાં સુધારો કર્યો. આનાથી વેઈટલિફ્ટિંગમાં ભારતનો સતત ત્રણ મેડલ વિનાનો સિલસિલો પણ તૂટી ગયો. ભારતીય વેઈટલિફ્ટિંગ ટીમે ગેમ્સમાં પોતાના અભિયાનનો અંત કુલ આઠ મેડલ સાથે કર્યો, જેમાં એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રોન્ઝનો સમાવેશ થાય છે.

## CWG ડિસ્કસ થ્રો : સીમાએ બ્રોન્ઝ જીતી કરી શાનદાર વાપસી

ગ્લાસગો, તા. 31 (પીટીઆઈ) : ગર્ભાવસ્થા પછી સંધિવાની બીમારીથી પીડાતી ભારતની સીમા કાલીરામને ગયા વર્ષે તેના પર કાબુ મેળવીને ગઈકાલે ગુરુવારે કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં પોતાના વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવને નજીવા અંતરથી ચૂકવા છતાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેની સાથી નિધિ રાની આ જ ઈવેન્ટમાં ચોથા સ્થાને રહી. સીમા 58.65 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે ત્રીજા સ્થાને રહી. ભારતીય ખેલાડીએ તેના ત્રીજા પ્રયાસમાં આ અંતર હાંસલ કર્યું. જોકે, તે 59.73 મીટરના તેના વ્યક્તિગત અને સિઝનના શ્રેષ્ઠ પ્રયાસથી થોડી ટૂંકી પડી હતી. નિધિ 57.10 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે ચોથા સ્થાને રહી. જમૈકાની સામન્થા હોલે તેના પાંચમા પ્રયાસમાં 61.66 મીટરના શ્રેષ્ઠ અંતર સાથે ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે કેનેડાની જુલિયા ટંક્સે 60.67 મીટરના પ્રયાસ સાથે સિલ્વર મેડલ જીત્યો.

## નવનીત-દિનેશની જોડીએ લોન બોલ્સમાં સતત ચોથી જીત મેળવી

ગ્લાસગો, તા. 31 : ભારતના નવનીત સિંહ અને દિનેશ કુમારે શુક્રવારે કોમનવેલ્થ ગેમ્સમાં લોન બોલ્સ મેન્સ ડબલ્સ કેટેગરીના સેક્શનલ પ્લે ઇવેન્ટમાં ફોકલેન્ડ આઇલેન્ડ્સ સામે સીધા સેટમાં શાનદાર જીત નોંધાવી. ભારતીય જોડીએ શરૂઆતથી જ રમત પર નિયંત્રણ રાખ્યું અને ફોકલેન્ડ ટાપુઓના ઇયાન બાર્ન્સ અને ઓલિવર થોમ્પસનને 6-3 અને 10-1ના સ્કોરથી સરળતાથી હરાવ્યા. આ જીત સાથે, ભારતીય જોડીએ કોમનવેલ્થ ગેમ્સમાં પોતાનો અજેય રેકોર્ડ જાળવી રાખ્યો છે. ટીમે હવે સતત ચાર જીત નોંધાવી છે.

### સુડોકુ ૬૫૯૭ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | | | | ૯ | | ૮ | |
| ૭ | ૬ | | ૧ | | ૮ | ૯ | ૪ | |
| | | | | ૬ | | | ૧ | ૫ |
| ૧ | ૩ | | ૭ | | | | ૯ | ૪ |
| | | ૪ | | | | ૧ | | ૭ |
| | ૭ | | ૫ | ૪ | ૧ | ૩ | ૨ | |
| | | | | | ૫ | ૬ | ૭ | ૨ |
| ૩ | ૨ | | ૬ | ૧ | ૪ | | | ૯ |
| | | ૬ | ૯ | | ૨ | ૪ | ૩ | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઘા, વ્રણ

શરીર પર પડેલા વ્રણ પર રૂઝ લાવવા આ મલમ બનાવી લો. શુદ્ધ ઘી અને મિણ સરખા ભાગે લઈ, ઓગાળી લો. સિંધવ મીઠું અને રાળ સરખા ભાગે લઈ ખરલ કરી, ઉપરના ઓગાળેલ મિશ્રણમા ભેળવીને ભરી લો. વાપરતી વખતે તેમાં મધ ભેળવી ઘા ઉપર લગાડો.

## હોકી ટીમની જર્સીના ભગવાકરણનો વિવાદ : પ્રમુખ ટિર્કીએ સ્પષ્ટતા માંગી

નવી દિલ્હી, 31 જુલાઈ (પીટીઆઈ) ભારતીય હોકી ટીમોની જર્સીનો રંગ બદલવાના નિર્ણય અંગેનો વિવાદ વધી રહ્યો છે અને હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ ટિર્કીએ હવે ફેડરેશનના અધિકારીઓ પાસેથી સ્પષ્ટતા માંગી છે કે તેમના અને એક્ઝિક્યુટિવ બોર્ડના જ્ઞાન કે સંમતિ વિના આ મોટો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો, જ્યારે જનરલ સેક્રેટરી ભોલાનાથ સિંહે જણાવ્યું હતું કે બધા અધિકારીઓ આ ફેરફારથી વાકેફ છે.

15 ઓગસ્ટથી નેધરલેન્ડ અને બેલ્જિયમમાં શરૂ થઈ રહેલા વર્લ્ડકપ પહેલા, ભારતીય ટીમની જર્સીનો રંગ વાદળીથી બદલીને કેસરી કરવામાં આવ્યો હતો, જેના કારણે વિરેન રાસક્વિન્હા, પરગટ સિંહ, વી. ભાસ્કરન અને ધનરાજ પિલ્લઈ જેવા માજી ખેલાડીઓએ પ્રશ્નો ઉભા કર્યા હતા. આ મુદ્દાએ રાજકીય વળાંક પણ લીધો હતો, જેમાં વિપક્ષે સરકારની ટીકા કરી હતી. ટિર્કી સહિત હોકી ઈન્ડિયાના અધિકારીઓએ ગઈકાલ સુધી કહ્યું હતું કે રમતના મેદાન પર વપરાતી વાદળી પીચ સાથે રંગ સમાનતા ટાળવા માટે આ સંપૂર્ણપણે ટેકનિકલ નિર્ણય હતો. પરંતુ હવે, આજે સવારે એક્ઝિક્યુટિવ બોર્ડને મોકલવામાં આવેલા એક ઈમેઈલમાં, ટિર્કીએ લખ્યું છે કે, જર્સીનો રંગ બદલવાનો નિર્ણય એક્ઝિક્યુટિવ બોર્ડની પૂર્વ જાણકારી અથવા પૂર્વ જાણકારી વિના લેવામાં આવ્યો હતો.

## ભારતીય 4x400 મીટર મિક્ષ્ડ રિલે ટીમ સાતમા સ્થાને રહી ફાઇનલમાં

ગ્લાસગો, તા. 31 : કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય 4x400 મીટર મિક્ષ્ડ રિલે ટીમે આજે શુક્રવારે તેમની રાઉન્ડ વન હીટ રેસમાં એકંદરે સાતમા સ્થાને રહીને ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું હતું. ચાર ભારતીય દોડવીરો વિશાલ ટીકે, અનિસા બાબુ, રાજેશ રમેશ અને રશદીપ કૌરે 3 મિનિટ ૨૦.૯૮ સેકન્ડનો સમય કાઢીને હીટ ટુમાં ચોથું સ્થાન મેળવ્યું અને શનિવારે યોજાનારી ફાઇનલ માટે ક્વોલિફાય થયા. બંને હીટમાંથી દરેકમાંથી ટોચની ત્રણ ટીમો, ત્યારબાદ આગામી બે સૌથી ઝડપી સમય, ફાઇનલ માટે ક્વોલિફાય થાય છે.

પશ્ચિમ રેલવે
ઈલેક્ટ્રીકલ વર્ક
સિનીયર ડીઈઈ-પી-બીસીટી ટેન્ડર આમંત્રિત કરે છે, ટેન્ડર નોટિસ નંબરઃ , EL-81-955-WA-44, તારીખઃ 28-7-2026, કાર્ય અને સ્થળઃ મુંબઈ સેન્ટ્રલ ડિવીઝન - ઈલેક્ટ્રીકલ (પાવર) વર્ક, સ્ટેશનો પર ઈન્ટીગ્રેટેડ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ (IPIS) ની જોગવાઈઓથી સંબંધિત. અંદાજિત કિંમતઃ રૂ. 81,58,050.00, ઈએમડીઃ રૂ. 1,63,200.00, જમા કરાવવાની તારીખ અને સમયઃ 27-8-2026 બપોરે 3.00 વાગ્યા સુધી. ખુલવાની તારીખ અને સમયઃ 27-8-2026 બપોરે 3.30 વાગ્યે. વધુ વિગત માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in પર જવું.
0430
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

## આજનું પંચાંગ

**તા. 01/08/2026, શનિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અષાઢ
**તિથિઃ** વદ : ત્રીજ : 23:08
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 10 **યોગ** : શોભન
**કરણઃ** વણિજ **નક્ષત્ર** : શતભિષા : 20:46
રાશિઃ કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ** : ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતીનાં વ્રતના પારણાં, શુક્રઃ કન્યામાં:09:29થી લોકમાન્ય તિલક પૂ.તિ.
**સુરતમાં સૂર્યોદય** : 06:13 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:16
**નવકારસી** : 07:01
**પારસી વર્ષ** : 1395 સ્પેન્દારમદ માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 સફર માસનો 17મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુકાળઃ** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. વિદ્યાર્થીઓને સફળતા મળે. આવક વધે. પ્રેમમાં અશાંતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** ભૂમિ-ભવન બાબતે યોજના બને. રોજગારની પ્રાપ્ત થાય. આવક વધે. વેપારમાં તક મળે. નોકરીમાં અનુકૂળતા.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી ધંધા માટે પ્રવાસ અનુકૂળ રહે. ઇન્ટરવ્યુમાં સફળતા મળે. આયાત-નિકાસના કામમાં ગતિ આવે.

**કર્ક (ડ,હ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. કોઈની વાતોમાં આર્થિક વ્યવહાર કરવાનું ટાળવું. તબિયત નરમ રહે.

**સિંહ (મ,ટ,):** પરિવારની સમસ્યાનું સમાધાન થાય. ધંધામાં આવક વધે. રોજના કામમાં અનુકૂળતા રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** હીતશત્રુઓથી સાવધાન વિજાતિય મિત્રોથી સાવધાન, સહકર્મીઓ સાથે વિવાદ થી અશાંતિ થાય.

**તુલા (ર,ત,):** રચનાત્મક કામમાં સફળતા મળે. મિત્રોની મદદથી સામાજિક સમસ્યાનું નિરાકરણ થાય. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય,):** સામાજિક કામમાં સફળતા મળે. નવા મહત્વનાં ફેરફારથી અનુકૂળતા વધશે. નોકરી ધંધાનાં કામ સરળ બને.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પોતાની યોગ્યતા પ્રમાણે કામ કરવાની તક મળે. ભાઈ-બહેનોની ચિંતા સતાવે. વિવાદ ટાળવો.

**મકર (ખ,જ,):** પરિવારમાં કોઈની સાથે વિવાદથી માનસિક અશાંતિ વધે. બીનજરૂરી ખર્ચા થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. પડવા-વાગવાથી સાવધાન, વિવાદથી બચવું.

**મીન (દ,ચ,ઝ,થ,):** થાકનો અનુભવ થાય. તબિયત નરમ રહે. ધાર્મિક પ્રવાસ થાય. પ્રવાસમાં વિઘ્નો આવે.

### કોઈ પણ સાલમાં 01 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવા કામની શરૂઆત થાય. નવી નોકરી મળે. ધંધા-વેપારમાં અનુકૂળતા રહે. આર્થિક બાબતે પ્રગતિ થાય.ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તથા વિદેશ અભ્યાસ માટે અનુકૂળતા થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થી અટકેલા કેસમાં ગતિ આવે. વિદેશનાં કામ થાય. પ્રેમવિવાહ અને ઉંમરલાયકના વિવાહની અનુકૂળતા વધસે. નવા ઘર, વાહન, મકાન, બાબતે અનુકૂળતા થાય. મિત્રો વડીલોની મદદથી આવક વધારવાની યોજના બને. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં કાયદાકીય મદદ મલે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઈ ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10, 28 તારીખે નવા કામ કરવા સોનેરી ભૂરા રંગનો ઉપયોગ કરવો નવેમ્બર ડીસેમ્બર શનિ-શુક્રવાર, 7,16, 25 તારીખે નવા કામ કરવા શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.

મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8(1) સાથે વાંચતા પરિશિષ્ટ IV અનુસાર)
જ્યારે, નીચે સહી કરનાર સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (2002 નો 54) હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL) ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ ઉધારકર્તાઓ/જામીનદારોને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે માગણી નોટિસો જારી કરવામાં આવી હતી. ઉધારકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, આથી ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ સદર કાયદાની કલમ 13(4) સાથે વાંચતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
ગીરે મુકાયેલી અસ્કયામતો મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ ઉધારકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.

| અ. નં. | ઉધારકર્તા(ઓ)/ સહ-ઉધારકર્તા(ઓ) નું નામ/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | ગીરે મુકાયેલી અસ્કયામતોની ટૂંકી વિગતો | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | રસિકલાલ નારણભાઈ ભલાણી/ કેતકીબેન રસિકભાઈ ભલાણી/ SRT-HL-007015/ સુરત | હેતવી એપાર્ટમેન્ટના પ્રથમ માળે આવેલ આશરે 43.36 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતા ફ્લેટ નંબર 108માં તમામ હક, ટાઇટલ અને હિત, જે છાપરાભાઠા, જિલ્લા સુરત ખાતે આવેલી રેવન્યુ સર્વે નંબર 70 70/2 અને તેના બ્લોક નંબર 96 પૈકીની જમીન પર બાંધવામાં આવેલ છે. ઉત્તરઃ ફ્લેટ નંબર 114; દક્ષિણઃ ખુલ્લી જગ્યા; પૂર્વઃ ખુલ્લી જગ્યા અને અન્ય બિલ્ડિંગ; પશ્ચિમઃ એન્ટ્રી પેસેજ, સીડી. | 28-ફેબ્રુઆરી-2026 / રૂ. 10,21,789/- રૂપિયા દસ લાખ એકવીસ હજાર સાતસો અઠ્યાસી માત્ર. | 31-Jul-2026 |

તારીખઃ 1, ઓગસ્ટ, 2026
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ